R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 6 September - 2012

# દીવાલનું આશ્વાસન બારી

એકલતા અને સંકુચિત્તાની પીડા કેવી હોય છે એની ખરી ખબર દીવાલને હોય છે. એકલતાની પીડા અસહ્ય બને ત્યારે દીવાલને પોપડાં બાઝતા હોય છે. ઘરના ડૂંસકા બહાર ન જાય અને બહાર નો ટહુકો ઘરમાં ન પ્રવેશે એટલા માટે દીવાલની રચના થઈ છે. મુંબઈમાં કબૂતરખાના જેવા ઘરને માળો કહેવાનો રિવાજ હવે જતો જણાય છે. માળો હવે ફલેટમાં રૂપાંતર થઈ ગયો છે. ફલેટનું આગળનું બારણુ બંધ થાય એટલે એમા રહેનારને ગુફાનું એકાંત પ્રાપ્ત થાય છે. એ ગુફામાં તપસ્વી નહી સંસારી બંદીવાન રહેતા હોય છે. દીવાલ હોય ત્યાં મનની કેદ હોવાની દીવાલનું એકમાત્ર આશ્વાસન એટલે ખુલ્લી બારી દીવાલની શોધ થઈ તે પહેલા વાઠીની શોધ થઈ હતી. બારણાં અને દીવાલ વચ્ચેની ભાઈબંધી પવનને નડી પડી. પવનથી ટેવાયેલા માણસને અકળામણ થઈ અને બારીની શોધ થઈ. બારીનું નિર્માણ માણસની છીંડાવૃત્તિને કારણે થયું છે. બંદીવાન સંસારીને બારી વિના ન ચાલે. એજ પાસપોર્ટ અને એજ વીઝા ખુલ્લી બારી ખુલ્લુ મન ઝંખે છે. ખુલ્લુ મન અપરિચયને પરિચયમાં ફેરવી નાખે છે. પરિચય એટલે પ્રેમની પ્રસ્તાવના બારીના ઉપકાર અનંત છે અસહ્ય ગરમીમા બારી વાટે દાખલ થયેલ પવનની લહેરખીનો સ્પર્શ ઠંડક આપનાર જણાય છે. એ ઠંડક પહોંચાડનારી બારી એજ ગરીબનું એરકન્ડીશનર ઉનાળાનો ઉકળાટ સતાવે ત્યારે બારીની કરુણા માણસની મદદે આવે છે.

**- સંકલન**

**2nd Cover Page**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત ઉપનગર વિભાગની યોજેલ પ્રવાસ પર્યટન (કુમાર રીસોર્ટ લોનાવાલા)માં આવેલ સૌ હોદેદાર કમિટિના સભ્યો ઉપનગરના દાતા તથા મુખ્ય અતિથિ શ્રી ગોપાલભાઈ બાબુલાલ મોદી (મેઘલીયાવાળા) હાજર રહેલા સર્વ જણો.





# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૫ | ૨૦-૦૯-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઇઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


# Walking along their journey

**તંત્રી સ્થાનેથી**

રિટાયર્ડમેન્ટ, નિવૃત્તિની આપણી સામાન્ય માન્યતા એવી છે કે હવે કંઈ જ ન કરવાની આઝાદી. સવારે ફરવા જવું, મિત્રો સાથે ગપ્પા મારવા, દેવ દર્શન કરીને ઘરે જઈ છાપાં વાંચતાં આરામ કરવો. દુકાન હોય તો બાર, એક વાગે ત્યાં જઈને છોકરાઓને મદદ કરવાના નામે ખુરશી ગરમ કરવી, ફોન ઉપર કે મિત્રોને દુકાને બોલાવી થોડાં ગપ્પાં મારવા, સાંજે ફરી પાછું કલબ કે ગાર્ડન કે પ્રેમપુરી આશ્રમ અથવા તો સમાજ સેવાના બહાને કોઈ મંડળમાં જોડાઈ જવું. કેટલાંક વળી મૃત્યુની તૈયારી રૂપે ધર્મધ્યાન, મંદિરો, યાત્રાધામો, સત્સંગ મંડળો અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાય. ઠાકોરજીની સેવામાં વ્યસ્ત થઈ જાય અને નાના નાની પાર્ક, સાંસ્કૃતિક મંડળો અને અનેક સીનીયર સીટીઝનની કલબો તો છે જ. આ થઈ સામાન્ય માનવીના રીટાયર્ડમેન્ટની વાત.

આજે વાત એક ખાસ રીટાયર્ડમેન્ટની કરવી છે. પહેલાના જમાનામાં ૫૦ વર્ષની ઉંમરે ગૃહસ્થાશ્રમ પુરો કરી માનવી વનપ્રસ્થાશ્રમ તરફ જતો એને રીટાયર્ડમેન્ટ કહેવાતું. કુટુંબની ધમધમતી ફેકટરી અને વ્યવસાયે એન્જીનીયર એવા એ માનવીએ ૪૫ વર્ષે નિવૃત્તિની વાત કરી ત્યારે ઘરમાં હોબાળો મચી ગયો. માતાએ વધુ પાંચ વર્ષ ભાઈ ભાડુંઓ અને ભત્રીજાઓ માટે આપવાની વિનંતી કરી, પણ ૫૦ વર્ષે એક વાર ફેકટરીનું પગથિયું ઉતરી ગયા પછી પાછું વાળીને ત્યાં જોયું નહી. વર્ષોથી મનમાં હતી કંઈક કરવાની ઈચ્છા, કમાવા સિવાય પણ જીવનમાં કંઈક કરવું જોઈએ એવી માન્યતા. સૌ પ્રથમ આખા ભારતમાં જ્યાં જ્યાં કંઈક અનોખી સેવાની પ્રવૃત્તિઓ ચાલતી હતી ત્યાં ત્યાં ફર્યા, લોકોને મળ્યા.

વ્યવસાયે એન્જીનીયર એટલે Human Technology Forum માં રસ પડયો. જેમાં કેટલાંયે એન્જીનીયર્સ કાર્યરત હતાં. કામ હતું વૈજ્ઞાનિક શોધોને ગામડાના સામાન્ય માનવી સુધી પહોંચાડી એમને મદદરૂપ થવું, Biogas, સોલાર એનર્જી થી માંડીને નાના નાના અનેક સાધનો, મશીનો વિકસાવવા, જે ગામડનાં ખેડુતો કે અન્ય શ્રમજીવીઓને મદદરૂપ થાય. એમની શારીરીક મહેનત ઘટાડે અને એમના ઉત્પાદનમાં વધારો થાય. IIT અને વિદેશના અનેક વિજ્ઞાનીઓ અને એન્જીનીયર્સની સાથે એમને કામ કરવાનો આ એક અનોખો મોકો મળ્યો.

કુદરતને એમની પાસે હજી વધુ મહત્વનું કામ કરાવવાનું હશે એટલે એમના પગ દોરાયા ટાટા કેન્સર હોસ્પીટલમાં. કેન્સર એટલે કેન્સલ એવી સામાન્ય વ્યાખ્યા આપણે સૌ જાણીએ છીએ, પણ કેન્સર છે એની જાણ થયાં પછી એમાંથી મુક્તિ મળે કે મોત એ સફર ખુબજ મુશ્કેલ હોય છે. માનસિક, સામાજીક, આર્થિક એવી અનેક રીતે માનવી મૃત્યુ પહેલાંજ ખલાસ થઈ જતાં હોય છે. કેન્સરની જાણ પછી બે સ્ટેજ હોય છે. એક કે જેમાં ટ્રીટમેન્ટ શક્ય છે અને પેશન્ટને બચાવી લેવાની આશા છે. અને બીજુ એટલે પેલીએટીવ સ્ટેજ, જ્યાં બચવાની કોઈ આશા નથી. પેશન્ટ મૃત્યુ તરફ ધકેલાઈ રહ્યો છે. આવા પેશન્ટોની આ સફરમાં હમસફર બનવાનું એમણે નક્કી કર્યુ. "Walking along their journey" સૌ પ્રથમ તો ભારતના ખુણે ખુણામાંથી ટાટામાં આવતા લોકોને આટલા મોટા શહેરમાં ક્યાં રહેવું કોને મળવું, શું ટ્રીટમેન્ટ કરવી, કેટલો ખર્ચ, કેટલી દવા, એવા અનેક પ્રશ્નો સતાવતાં હતા. એમને ગાઈડન્સ આપવાનું શરૂ કર્યુ. સરકાર દ્વારા અને અનેક સેવાભાવી સંસ્થાઓ અને ચેરીટેબલ ટ્રસ્ટો દ્વારા અપાતી અનેક સહાયની માહીતી તેઓ લોકોને પુરી પાડતાં, ડોકટરોના રીપોર્ટ સમજીને પેશન્ટને તેની સાચી માહીતી એમને સમજાય એવી ભાષામાં સમજાવતાં, ટ્રીટમેન્ટ, એની અસર, આડઅસર વિશે જણાવતા પરિસ્થિતની ગંભીરતા સમજાવી એનો સામનો કેમ કરવો એ પણ કહેતાં. વિચાર કરો બે નાના છોકરાની માને કેવી રીતે સમજાવવી કે એનો પતિ બચવાનો નથી. બધીજ મુડી એમની સમક્ષ મુકી દઈ પતિના જીવનની ભીખ માંગતી એ સ્ત્રીને તેઓ સમજાવી શકતાં કે પતિ હવે બચી શકે એમ નથી તો એ પૈસા બાળકો માટે બચાવી રાખવા જોઈશે. કેટલીયે વાર તેઓ ભગવાનને પણ પ્રશ્ન પુછી બેસતાં ભગવાન આવું કેમ ? નાના ત્રણ મહિનાના બાળકને એક આંખમાં જન્મની સાથે જ કેન્સર થાય અને હજી તો, બીજી આંખને બચાવવા ત્રણ મહિનાના બાળકની એ ક્ષતિગ્રસ્ત આંખ કાઢી લેવાનો નિર્ણય લેવાય ત્યાં સુધીમાં બીજી આંખમાં પણ કેન્સર ફેલાઈ જાય ત્યારે કયો માણસ આક્રોશ ના કરે ? પણ એમનામાં ગજબની ધીરજ છે. પરિસ્થિતી સ્વીકારવાની હિંમત છે. એથી જ એમણે હવે બાળકોનો વોર્ડ પોતાના કાર્ય માટે પસંદ કર્યો છે અને એ પણ પેલીએટીવ ડીપાર્ટમેન્ટ જ્યાં રહેતાં બાળકો માટે મૃત્યુનું ફરમાન લખાઈ ચુક્યું છે. હવે ફક્ત તેઓને ખુશ રાખી એમના છેલ્લા દિવસો આનંદમય બનાવવાના છે. એમના માબાપ અને સગાવહાલાઓને સમજાવવાનું છે કે હવે આ પરિસ્થિતનો સામનો કઈ રીતે કરવો. રડયા વગર એમની સંભાળ કેવી રીતે લેવી. આવનાર મૃત્યુનો સ્વીકાર કેવી રીતે કરવો, એને ઓછામાં ઓછી પીડા થાય એવી રીતે દવા કેવી રીતે કરવી. એમને આવનાર મૃત્યુનો અહેસાસ કરાવ્યા વગર બાકીની જીંદગીમાં એમની દરેક ઈચ્છાઓ કેવી રીતે પુરી કરવી ?

તેઓ આવા બાળકો માટે ચિત્રકળાની સ્પર્ધા યોજે છે. એમના સપનાઓને કાગળ ઉપર ઉતારે છે. એમાં

રંગ પુરવા પ્રેરણા આપે છે અને એ ચિત્રો જોઈને દંગ રહી જવાય છે. તેઓ એમને સંગીત શીખવવા પ્રયત્ન કરે છે. બાળકો વાજીંત્રો ઉપર હાથ અજમાવે છે. ક્રિકેટ રસિક એક બાળકને એ ક્રિકેટ કીટ લાવીને આપે છે. ત્યારે એ બાળક પૂછે છે ‘અંકલ આતો નાની કીટ છે. હું મોટો થઈને આ કેવી રીતે વાપરીશ ?’ જરા પણ ખચકાટ વગર એ કદી મોટા ન થઈ શકનાર બાળકની માગણી સ્વીકારી મોટી કીટ લાવી આપે છે. એ બાળકો માટે તેઓ ડાન્સ પાર્ટી પણ યોજે છે. અને એમણે બાળકોને કાઉન્સેલીંગ દ્વારા આપેલી ખુમારીનો એક દાખલો જુઓ. કેન્સરના કારણે પગ કપાવવો પડેલ એક છોકરી ડાન્સ ન કરી શકવાથી નિરાશ નથી થતી, એ કહે છે હું ડાન્સ નથી કરી શકતી પણ બીજાઓને ડાન્સ કરતાં જોઈતો શકું છું ને પેલો કિશોર તો એ પણ નથી જોઈ શકતો. (કિશોરે બન્ને આંખો કેન્સરમાં ગુમાવી છે) આ છે એમના કાર્યનું, પ્રેમનું, સમજાવટનું, પરિણામ. દુર ગામમાંથી આવેલી બે છોકરીઓ જેમાંથી એક ના પગ કપાવવાના છે અને બીજીના પગ કેન્સરના કારણે કાપવા પડયા છે. છતાં બચવાની શક્યતા નથી. એવી બે નાની છોકરીઓ સાથે તેઓ મુંબઈ દર્શન કરાવી ને પીકનીક કરી વેલેન્ટાઈન ડે ઉજવે છે. પોતાની પૌત્રીના લગ્નની સંગીત સંધ્યા પણ તેઓએ આ બધા પેશન્ટોની સાથે જ ઉજવી હતી. તેઓની પાસે આવા બાળકોના અનેક ફોટાઓ છે અને દરેક ફોટાઓની એક અલગ વાર્તા છે. તેઓને ૭૫ વર્ષે આજે પણ હિમાલય ખુંદવો ગમે છે. ફોટો ગ્રાફી કરવી ગમે છે. તેઓ દિલ્હીથી પાકીસ્તાન સુધીની શાંતિયાત્રા પગપાળા કરી ચુક્યા છે. અમેરીકામાં પણ એના કાર્યની નોંધ છાપાઓમાં લેવાઈ છે. અહીં પણ ઘણા છાપા, મેગેઝીનોમાં તેઓના કાર્ય વિશે લખાયુ છે. પણ આપણા બાલાસિનોરના લોકો એમના આ કાર્યથી અજાણ છે. કારણ કે તેઓ પોતાનું આ કાર્ય ભગવાનનું ફરમાન સમજીને ચુપચાપ કરતાં રહે છે. એમને આ કાર્ય માટે હજી સુધી આર્થિક સહાય માટે હાથ લંબાવવો પડયો નથી. કોઈને કોઈ મદદ એમની પાસે સામેથી પહોંચી જ જાય છે. નામ, સન્માન કે કોઈ તકતી વગર પણ લોકો સામેથી આપી જાય છે. જોકે કેટલીયે મદદ મળે કાયમ જરૂરિયાત એના કતાં વધુ હોય છે. સફેદ દાઢીવાળા આ સંસારી સાધુ મળવા જેવા માણસ છે. રીટાયર્ડમેન્ટના આનાથી પણ વધુ, ઘણા બધા રસ્તાઓ અને કાર્યો તેઓ જાણે છે. રિટાયર્ડમેન્ટ કેવી રીતે ઉજજવળ બનાવવું એ વિશે તેઓ લેકચર પણ આપી શકે છે. તો સમય મળે જરૂરથી મળજો એ નિરંજનભાઈ પરીખ (બખલી) ને (૯૯૩૦૯૩૯૯૨૫). રોજ તેઓ કેટલાંયે બાળકોમાં ‘‘આનંદ’’ પીકચર જેવી મોત ને સામેથી સ્વીકારવાની ખુમારી બક્ષે છે. "He is walking along their journey to Death" મારા લાખ લાખ વંદન આ રિટાયર્ડમેન્ટ ને.

**- નિખિલ પરીખ**

# કૃષ્ણ વન્દે જગદ્ગુરુઃ

શ્રાવણ અને પુરૂષોતમ માસમાં કૃષ્ણભક્તિએ રંગાયા ત્યારે મનમાં હંમેશા કૃષ્ણ ભગવાન વિશે કુતુહલ થાય છે. મીરાં નો કૃષ્ણ છે, રાધા નો કૃષ્ણ છે. અરવિંદ ગાંધી તિલકની અનુભૂતિનો કૃષ્ણ છે. પણ મારો ને તમારો કૃષ્ણ ક્યાં છે ? એ તો ક્યાંક ખોવાઈ ગયો છે. આજના આ લેખ દ્વારા કૃષ્ણને ગોતવાનો મે એક નાનો પ્રયાસ કર્યો છે.

અમદાવાદના સુપ્રસિદ્ધ કવિ શ્રી કૃષ્ણ દવેએ કૃષ્ણ પર એક ખૂબજ સુંદર રચના લખી છે. ધારોકે કૃષ્ણની વેબસાઈટ બનાવીએ તો એનું શું નામ રાખીએ.

'વાસલડી ડોટ કોમ.
મોરપીછ ડોટ કોમ,
ડોટ કોમ વૃદાંવન આખુ
કૈનૈયાની વેબસાઈટ એટલી વિશાળ કે
કોના કોના નામ એમાં રાખું.
ધારોકે મીરાબાઈ ડોટ કોમ નામ રાખુ ને
ઓલી રાધાજી રિસાય જાય એનુ શું ?
વીરહી ગોપી નું ગીત એન્ટર કરૂ ને
આખે આખી ફ્લોપી ભીંજાય જાય એનું શું ?
પ્રેમની આ ડિસ્ક માં એટલી બધી વાનગી કે
કોને રાખું ને કોને ચાખું.
કૈનૈયાની વેબસાઈટ એટલી વિશાળ કે
કોના કોના નામ એમા રાખું.
ગીતાજી ડોટકોમ ઉકેલવામાં ઉકલી ગઈ
પંડિતની આખી જાતને જે જાત બાળી શકે
એજ માણી શકે આખી પૂનમની રાત.
તુલસી, સૂર, નરસૈયો થઈએ તો
ઉકલાય છે કાંઈ ઝાખુ ઝાખુ
કૈનૈયાની વેબસાઈટ એટલી વિશાળ કે
કોના કોના નામ એમાં રાખું
ફક્ત એજ પાસવર્ડ મોકલી શકે
જેના હૈયામાં નાચે છે શ્યામ
એને શું વાઈરસ ભૂંસી શકવાના જેના
ચીર પૂરી આપે ઘનશ્યામ.
ઈન્ટરનેટ પર એ થનગનતો આવે
અને હું વિન્ડો કોઈ દીના વાંખું
કૈનૈયાની વેબસાઈટ એટલી વિશાળ કે
કોના કોના નામ એમા રાખુ.

પાંચ હજાર વર્ષ પહેલા પ્રેમનો સંદેશો લઈને આવેલા ભગવાન કૃષ્ણ સુધી જો કોઈ પહોંચી શક્યું હોય તો તે કવિઓ છે. કૃષ્ણ પર રોજ એક કવિતા લખાતી હશે. એની સુંદરતાનું વર્ણન થતુ હશે દુનિયાભરના જંગલ કાપીને એની લાકડીઓની જો કલમ બનાવવામાં આવે તો પણ તેની સુંદરતાનું વર્ણન કરતાં કરતાં કલમ ખૂટી પડે. સમસ્ત બ્રહ્માંડમાં કૃષ્ણ જેવો બીજો કોઈ ભગવાન નહી હોય કે જેની પર આટલી બધી કવિતાઓ લખાઈ હશે ? જેનું વર્ણન જ આટલું સુંદર હોય એ ભગવાન કૃષ્ણ કેવો હશે કવિ દુલાકાગ લખે છે.

'અખિલ બ્રહ્માંડનો માલિક કેવો હશે છેતરે નહી ને
છેતરાય નહી એ કૃષ્ણ કેવો હશે.
જેના ઘરે દેર છે પણ અંધેર નથી એ મોહન કેવો હશે
નંદનો દુલારો ને જશોદાનો લાડકવાયો કેવો હશે
રાધાનો શ્યામ અને મીરાના ઘનશ્યામ કેવો હશે
મંદમંદ વાસળીના સૂર લહેરાવનાર એ લહેરીલાલ કેવો હશે.'

એ પ્રેમલક્ષણો કે જેના પર આટલું બધુ વર્ષોથી લખાતુ આવ્યું છે એ સાચેજ કેવો હશે એવા શ્રી કૃષ્ણને જ્યારે આપણે એમ કહીએ કે તે સારા લાગે છે. નહીં પણ મારા લાગે છે. ત્યારે જ તેની પ્રાપ્તિ થાય. કૃષ્ણ આપણી આસપાસ છે. તમે તેને મિત્ર, પ્રેમી, પતિ, ભગવાન,

પુત્ર, કે ભાઈ કોઈપણ રૂપે ભજી શકો છો.

એના માટે બસ તમારે, મા યશોદા, રાધા કે મીરાબાઈ થવું પડે. બ્રહ્માનંદ સ્વામી લખે છે. 'પ્યાર કરીલે પ્યાર કરી લે શું કોઈ તારો યાર નથી.

બસગોતી લેજે ગોતી લેજે ભીંતર છે એ ક્યાંય બહાર નથી.

મિત્રો, રામ ભગવાન મર્યાદા પુરૂષોત્તમ છે પણ કૃષ્ણતો પૂર્ણ પુરૂષોતમ કહેવાય છે. એ જેને પ્રેમ કરે એનો ફેરો સફળ થાય પણ તમે જો જો એના પગ આંટી વાળેલા છે. કહેવાય છે. કૃષ્ણને અઢી અક્ષર છે. અઢી અક્ષરથી બચીને રહેવું એની આંટીમાં આવેલા ભલભલાનું આવી બને જેમ કે પ્રેમ, લગ્ન, સત્ય, કૃષ્ણ અને પત્નિ.

તમે જો જો ક્યારેક કોઈ મા પોતાના બાળકના વખાણ કરશે ત્યારે એમ કહેશે કે મારો લાલતો આજે કાનુડા જેવો લાગે છે, કોલેજમાં કોઈ યુવાન તૈયાર થઈને આવે ત્યારે મિત્રો કહે છે કે આજે તો ગોપીઓ વચ્ચે કનૈયો લાગે છે.

એવા ભગવાન કૃષ્ણ પ્રેમના સંદેશા સાથે ત્યાગનું પણ દર્શન કરાવે છે. તમે જો જો મિત્રો ભગવાન કૃષ્ણ ગોકુળથી મથુરા ગયા ત્યાર પછી કોઈ દી વાંસળી નથી વગાડી, પણ શંખ ફૂક્યો છે.

જેની વાંસળી ના તાલે રાધા દોડી આવતી. ગોપીઓ નાંચી ઉઠતી એ વાંસળીના સૂરનો તેમણે મથુરા આવ્યા પછી ત્યાગ કર્યો છે.

યુવના કવિ મૂકેશ જોશી લખે છે.

'કાંઈક ચોમાસાને વરસાદ રાધા
એક રાત્રે કૃષ્ણ માંથી બાદ રાધા.
એટલે તો કનૈયાએ જીંદગી ભર શંખ ફૂક્યો
વાંસળીના ફૂકી જો વાંસળી ફૂકે તો
આવે યાદ રાધા આવે યાદ રાધા.
અહીં જો કોઈને પ્રેમનાં ગ્રંથ નો ભાવ સમજાય નહીં તો
સીધોને સરળ અનુવાદ રાધા અનુવાદ રાધા.'

કહેવાય છે કે આપણા શરીરમાં સોળ ચક્ર છે. ભગવાન શ્રી કૃષ્ણે એ સોળે ચક્રોને સિદ્ધ કર્યા છે. એટલે જ એ પૂર્ણ પુરૂષોત્તમ કહેવાય. મહાભારતના યુધ્ધ વખતે જ્યારે પોતાના પરિવારને યુધ્ધમાં સામ સામે જોઈ અર્જુન ગભરાય જાય છે ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એને પોતાના વિરાટ દર્શન કરાવી ને કહે છે કે અર્જુન ઉઠ તારૂ યુધ્ધ તારે જ લડવાનું છે. હું ફક્ત તારો સારથી બનીશ. એમ જીવનની પ્રત્યેક લડાઈ વિટંબણાઓને આપણે આપણી જાતે જ પાર પાડવાની છે. ભગવાન શ્રી કૃષ્ણ સારથી બનીને આપણી સાથે જ છે. કોઈ ને એમ કહેવાનું નથી કે મારી સમસ્યા વિકટ છે, પણ એમ જ કહેવાનું છે કે મારો પ્રભુ મારો કાનુડો મારી નિકટ છે.

કવિ સુરદાસજી લખે છે.

'અબ સૌપ દીયા ઈશ જીવન કા ભાર તુમ્હારે હાથોમેં
અબ જીત તુમ્હારે હાથો મે અબ હાર તુમ્હારે હાથોમે
મુજમે તુજમે ફર્ક યહી, મૈ હુ નર તુમહો નારાયણ
મૈં સંસાર કે હાથો મે ઔર સંસાર તુમ્હારે હાથોમે'

કૃષ્ણની ભક્તિ કરતી વખતે મનમા કોઈદી અભિમાન ના આણવું ગોપી ભાવે ભજવાથી કૃષ્ણ સહજ પ્રાપ્ત થાય છે. કૃષ્ણને મળવું હોય તો એને સાદ આપવો પડે સાવ બાળક જેવા નિષ્પાપ બનીને ગોપ ગોપી બનવું પડે. એની સાથે જન્મો જનમનો નાતો જોડવો પડે. કૃષ્ણ એ તો અખિલ બ્રહ્માંડનો માલિક છે. અહીં એક ખૂબજ સુંદર પ્રસંગ યાદ આવે છે. મુસલમાનોમાં રસખાન નામે એક કૃષ્ણ ભક્ત થઈ ગયા તે કાશીમા કૃષ્ણના દર્શન કરવા જાય છે. ત્યારે લોકો તેમને ધક્કે ચઢાવે છે. ત્યારે રસખાન રોતી આંખે ભગવાનને પ્રાથના કરે છે કે જો આપ હિંદુઓકે ગુરૂ હો તો કછું બાત નહિ.

પર જો આપ સારે જગત કે નાથ હોતો મેરી ભી સૂધ લીજીયે.

કૃષ્ણ આ સૃષ્ટિના કર્તા હર્તા છે. તે નિરાકાર છે અને નિરંજન પ્રેમ તત્વવાળા છે. મહાપ્રભુજી કહે છે કે જે જીવ ભગવાન શ્રી કૃષ્ણનું સ્મરણ કરે અને તેમની જીવનયાત્રાનું અનુસરણ કરે છે ત્યારે તે જીવ કર્મબંધનો છોડીને મુક્તિ તરફ પ્રયાણ કરે છે.

છેલ્લે પરમાનંદ સ્વામી લખે છે.

'મોજમાં રહેવું મોજમાં રહેવું રે

આજ મારે અગમ અગોચર અલખ ધણીની ખોજમાં રહેવું રે, ધૂપ શું દેવી, દીપ શું દેવો આજ મારે એને મારૂ દિલ દઈ દેવું રે.'

**- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

## જ્યોતિપુંજની બદલાયેલી તારીખ

અત્યાર સુધી જ્યોતિપુંજ દર મહિનાની ૧૪મી અથવા ૧૫મી તારીખે પોસ્ટ થતું હતું. પોસ્ટના નીયમમાં થોડો ફેરફાર થતાં હવે આપણને પોસ્ટીંગની તારીખ દર મહિનાની ૨૦મી અથવા ૨૧મી મળેલ છે. આ બદલાયેલી પોસ્ટીંગ તારીખની નોંધ લેવા સર્વે મંડળોના કાર્યકર્તાઓ, હોદેદારો અને વાચકોને નમ્ર વિનંતી. આપ આપના કાર્યક્રમો આ મુજબ યોજવાનો પ્રયત્ન કરશો જેથી એની જાણ સર્વે વાચકોને સમયસર મળી રહે. જ્યોતિપુંજ માટે મેટર કે એડવર્ટીઝમેન્ટ લેવાની આખરી તારીખ હવે દરેક મહિનાની ત્રીજી તારીખ રહેશે. ૩જી પછી આવનાર સમાચારો એક મહિના પછીના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

જ્યોતિપુંજના મેઈલીંગ લીસ્ટ પ્રમાણે દર મહિને બધા જ જ્યોતિપુંજ એક જ સમયે એક જ પોસ્ટ ઓફિસમાંથી પોસ્ટ કરવામાં આવે છે જો આપને આપની કોપી મોડી વહેલી મળે કે ન મળે તો એ બાબતની તપાસ આપની નજીકની પોસ્ટ ઓફિસમાં કરવા વિનંતી. આ બાબતમાં તંત્રી મંડળ કે સંઘના હોદેદારો કંઈ પણ કરી શકે એમ નથી. જેની નોંધ લેવા ખાસ વિનંતી.

**- તંત્રી મંડળ વતી**

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

# શ્રી ચતુર્થગૃહ હિતવર્ધક પરિવાર મુંબઈ

આયોજીત

## ગુરૂ વંદન દાનના કાર્યક્રમો

સર્વે અનન્યભાવી વૈષ્ણવોને જણાવવાનું કે ગુરૂ વંદન દાનના પાવન પ્રસંગે

**-:: પૂ.પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વલ્લભબાવાશ્રી ::-**

**(શ્રીમદ્ ગોકુલ -અમદાવાદ - મુંબઈ) નો મુંબઈનો કાર્યક્રમ નીચે મુજબ છે.**

**ગુરૂવાર તા. ૪-૧૦-૧૨ કાર્યક્રમ**

**શ્રીમતી સુરેખાબેન એસ. કડકીઆ :** હેપીહોમ એપાર્ટમેન્ટ, ૧લે માળે, નેપયન્સી રોડ, મુંબઈ
ફોન : ૨૩૬૭૭૯૪૯, બપોરે : ૨ થી ૪ કલાકે

**સત્સંગ મંડળ :** અમૃતવાડી, સિક્કા નગર, વી.પી. રોડ. મુંબઈ - ૪, સાંજે ૫ થી ૭ કલાકે

**૫-૧૦-૧૨ શુક્રવાર, ૬-૧૦-૧૨ શનિવાર**

**૭-૧૦-૧૨ રવિવાર નો કાર્યક્રમ : સમય બપોરે ૪ થી ૬ કલાકે**

વચનામૃત સ્થળ :

**શ્રી નિલેશભાઈ કે. કડકીયા**

એ-૨૦૬, કૈલાશ ટાવર, એમ. જી. રોડ, કમલા નગરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭

**મો. ૯૮૨૦૧૨૦૫૧૦**

**કાર્યક્રમ માટે સંપર્ક નંબર**

શ્રી વિનોદભાઈ શાહ - ૯૮૨૦૦૨૯૦૮૭
શ્રી ગોપાલભાઈ શેઠ - ૯૮૧૯૧૬૮૯૬૧
શ્રી શૈલેષભાઈ કડકીઆ (ધનઘેલા) - ૯૮૧૯૨૭૬૯૭૦
શ્રી અરૂણભાઈ સુરા - ૯૮૨૦૦૫૯૮૧૫
શ્રી અશ્વીનભાઈ - ૯૮૨૦૦૬૪૦૭૩
શ્રી દિલીપભાઈ ગાંધી - ૯૮૨૦૫૪૨૯૧૧
શ્રી દક્ષેશભાઈ - ૯૮૨૦૩૪૧૪૩૦

જ્યાં જ્યાં શ્રી ગોકુલેશ .................. લેશ ના રહે કલેશ
શ્રી ચતુર્થગૃહ હિતવર્ધક પરિવાર (મુંબઈ) ના
જે જે શ્રી ગોકુલેશ ... શ્રી વલ્લભબાવાશ્રી ગોકુલેશ

# The Indian Thali

I hate sit-down meals of the western world. They are endless, they come in dribs and brabs and you eat too much without feeling satiated. also, one doesn't know if one should hold back for the next course, which might be better than the sawdust you are eating right now, or thank your lucky stars that you have found something edible at all most of the times it is those fries, salads and burgers for meal. I guess part of this problem comes from having grown up on the 'thali' and hence I want to share the story inspired from Santosh Desai of this Indian Thali.

The thali is an interesting way to eat. The idea here is to eat the entire meal all at once. No waiting, no guessing about what lies ahead. The thali is a wardrobe full of food; one gets to feast one's eyes and tongue on all that one eats simultaneously. To be sure, the hot chapatti (Roti) does keep arriving to replenish the overflowing thali, but that is merely a replacement for the previous one you have just had. The hot chapatti serves to animate the rest of the thali; it brings tidings of freshly minted joy and carries off the accompanying vegetables and lentils in its wake.

Little else can beat the rampaging joy with which we eat our thali's. Heap the rice, drown it in the dal, shovel in the vegetables, drag in the pickle, slide the chutney across, mix in some curd or raita, crush some papad on the lot and if you are untainted by the modern fads about health, pour in some ghee. Stir and mix. Knead all of this into slurry and enjoy. The pleasure lies in the symphony of discordance that different food types, tastes, textures, flavors and colours create when they collide seamlessly. The collisions in taste are of several kinds - the blandness of the rice, the fiery tanginess of the pickle, the acid sweetness of the chutney, the crackling crunchiness of the papad, the serene cooling of the curd, all come together or create truly satiating experience. This is a complete meal that makes one complete.

The thali is a mini representation of India for in many ways it captures the joy we are able to extract from our untidy and chaotic pluralism. The thali preserves the individual integrity of each food item before combining it. In that sense, the thali is not a composite meal, a dish with its individual, separate idenitity. Most common western food comes as a dish which is structured as a core preparation accompanied by some select accompaniment. A steak comes with some veggies on the side and a sauce of some kind. The thali is instead a collection of independent food republics that choose to come together.

The thali accommodates everything; nothing can lie outside its pale. The rice we eat is

assimilative; I know of many people who mix unspeakable things in thier rice - Aam Ras being one such example. The thali moves from order to chaos and in doing so generates plasure. In many parts of India, the food in the thali is ritually positioned - there is a set pleace for everything and even the order in which the food gets served is pre-determined. Once this order is established, however, it is then willfully destroyed. What we get is a "rainbow of chaos".

The western meal structure is a linear one; we move from one course to another in a sequential and orderly fashion. It is as if one set of taste buds is serviced before attention is turned to the next. This neat progression ends in a crescendo called the dessert. The thali, on the other hand, is utterly non-linear. It revels in untidy collisions. Structurally, the thali is very much like our very own Bollywood film-all the ingredients are present in one film. A murder mystery will have a comedy track involving the sidekicks, an ailing mother will wheeze tirelessly and heroines will slither in Switzerland.

Perhaps, it's a function of historical scarcity that we like to see all the food we intend to eat sitting together in front of us. The thali brims over with abundance and our eyes join our tongues in the feasting. Certainly in the thali lies a story about the Indian ability to create harmony out of discordance and to find pleasure in chaos. A Thali teaches us to respect what food we get and to keep in mind that there are many who are not fortunate of this chaos.

I Share this inspired story of Thali as my taste buds await one of these however the reality is that I am yet having a subway today and don't know when I will go home again to have that delicious Thali again.

**BY Shiven Ketan Gandhi**
**shivengandhi@gmail.com**

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

આપણા જુન મહિનામા રાખવામાં આવેલા Demonstration માં એક વૈષ્ણવ બહેન તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું Donation પ્રાપ્ત થયેલું જે ગયા જ્યોતિપુંજમાં શરત ચૂકથી રહી ગયુ હતુ.

સપ્ટેમ્બરની ૧૦ તારીખે લાડની વાડીમાં અધિક મહિના નિમિત્તે 'વિવાહ ખેલ ઝાંખી મનોરથ' કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં ૧૦૮ શ્રી પૂ. પાદ નિકુંજલતા જીજી પધારશે.

**આગામી કાર્યક્રમ**

તા. ૧૬મી ઓક્ટોબરથી નવલા નોરતા શરૂ થઈ જતા હોવાથી આપણો હવે પછીનો કાર્યક્રમ તા. ૩ નવેમ્બરને શનિવારના રોજ તારાબાઈ હોલ મરીન લાઈન્સ ખાતે રાખવામાં આવ્યો છે. એમાં લ્હાણી રાખવામાં આવી છે. જેના રૂા. ૫૦ લેવામાં આવશે. તથા નાસ્તાના પણ રૂા. ૫૦ રાખવામાં આવ્યા છે. જેના પાસ તારીખ ૨૩મી ઓક્ટોમ્બરના રોજ ૩ થી ૪ દરમિયાન સંસ્થાની ઓફિસમાંથી આપવામાં આવશે. અથવા તમે કોઈપણ કમિટિ બહેનો પાસેથી મેળવી શકશો. સાથે સભ્ય કાર્ડ હોવું જરૂરી છે. ચાલો બહેનો ૩ જી નવેમ્બરના રોજ સૌ જ્ઞાતીજન ચણિયા ચોળી પહેરી ગરબા રમવા આવી જજો. તારાબાઈ હોલ બપોરના ૩ વાગ્યા સમયે.

આપણો સ્નેહ સમેલનનો કાર્યક્રમ પણ નવેમ્બર મહિનામાં જ આવશે. જેની જાહેરાત ઓક્ટોમ્બર મહિનામાં કરવામાં આવશે. આપણા સ્નેહ સંમેલનમાં મુખ્ય મહેમાન છે શ્રીમતી બેલાબેન મનોજભાઈ કચેરીયા. સંસ્થા તેમનો તથા તેમના પરિવાર જનોનો સહૃદય આભાર માને છે.

**સંયોજક : કુંજુ હેમેન્દ્ર શાહ - ૯૯૩૦૭૯૪૪૨૪**

# www.vallabhacharyakrupa.org

## આપને સહર્ષ સૂચના પ્રદાન કરવામાં આવે છે કે

શ્રધ્ધાળુઓના લાભાર્થે **www.vallabhacharyakrupa.org** નામક
નૂતન **Website**
મુંબઈના શ્રી ગોવર્ધનેશ પ્રકાશન મંડળે પ્રારંભ કરી છે.
ઉપરોક્ત વેબસાઈટમાં
**Beautiful Birds From Vrajbhoomi**
**(A photographic study by Jatan Atara)**
નામક વિભાગમાં અમારા દ્વારા
લીધેલા છાયાચિત્રો **(photographs)** સંગ્રહીત કર્યા છે.
શ્રીયમુનાજી ના તટ તથા શ્રી ગિરિરાજજીની તરહટીમાં
બિરાજમાન સુંદર પક્ષીઓની યથાસંભવ ચિત્રાવલી આધુનિક Lense નો
પ્રયોગ કરી પ્રિયજનો ના સહયોગથી પ્રકટ કરી છે.
આ ચિત્રાવલી ના દર્શન કરી આબાલવૃધ્ધને આનંદ થશે.

**www.vallabhacharyakrupa.org** નામક **Website** નો
લાભ લેવા સર્વેને હાર્દિક આમંત્રણ આપીએ છીએ.

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાળા) પુરુસ્કૃત ઉપનગર વિભાગ

ઘણા વર્ષો પછી ફરી એક વાર શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ઉપનગર વિભાગ પ્રવાસ પર્યટનનું આયોજન કર્યુ હતુ. તા. ૨૬-૮-૧૨ના રોજ કુમાર રીસોટ લોનાવાલા ખાતે આયોજન નક્કી કરાયું હતું. તેમા ઉમંગ ભેર ૨૦૦ મેમ્બરોએ લાભ લીધો હતો.

કુલ ૪ બસો કરી હતી. ૧ બસ માતૃમંદિર (મુંબઈ ખાતે), ૧ બસ કાંદીવલી અને ૨ બસ બોરીવલી ખાતે થી ઉપડી હતી. બસમા શ્રી સુધીરભાઈ ધારીઆ તરફથી ડ્રાયફ્રુટના પેકેટ આપવામા આવ્યા હતા તથા બીસ્કીટ, ચોકલેટ સંસ્થા તરફથી આપવામા આવ્યા હતા.

સવારે ચા નાસ્તો કરી ઘણા લોકો એ વોટર સાઈડ તથા રેન ડાન્સની મજા માણી હતી. બપોરે જમ્યા બાદ સંયોજક શ્રી હેમેન્દ્રભાઈ તથા શ્રી જીગર કડકીઆ એ હાઉઝી ની રમત રમાડી હતી. તેમા ઈનામોની વર્ષા કરી હતી.

ઉપનગરના દાતા શ્રી સુધીરભાઈનું બુકે દ્વારા સન્માન સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદી એ કર્યુ હતુ. શ્રી ગોપાલભાઈ બાબુલાલ મોદી (મેઘલીયાવાલા) એ રૂા. ૨૧,૦૦૦/-નું ડોનેશન જાહેર કર્યુ હતુ. તેમનુ સન્માન સંસ્થા પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆએ કર્યુ હતુ. સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનો નો આભાર માને છે. હેમેન્દ્રભાઈ એ સૌ નો આભાર માન્યો હતો.

સાંજે ચાર વાગે ચા નાસ્તો કર્યા પછી સૌ માકેટની સેર કરવા ગયા હતા અને સાંજે અલ્પાહાર કર્યા પછી મુંબઈ તરફ બસો રવાના થઈ હતી.

આમ બધા આવનાર ને ખુબ મજા પડી હતી અને દર વર્ષે પ્રવાસ પર્યટન ચાલુ રહે એવી વીનંતી કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

**સંયોજક : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**

# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

## ૬૧માં વાર્ષિક રસોત્સવ પ્રસંગે યોજે છે.

**રંગારંગ કાર્યક્રમ**

## તા. ૨૫-૧૧-૧૨, રવિવારે સવારે ૯ કલાકે

## સ્થળ : બિરલા માતૃશ્રી સભાગૃહ,મરીન લાઈન્સ, મુંબઈ - ૨૦

## મુખ્ય મહેમાન : શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ

વહેલો તે પહેલા ધોરણે વ્યક્તિ દીઠ કાર્યક્રમની બે ટીકીટ આપવામાં આવશે. તેમજ આ કાર્યક્રમ પત્યા બાદ હાજર રહેલા પ્રેક્ષકો માટે સુંદરાબાઈ હોલ મરીન લાઈન્સ ખાતે જમણવારની વ્યવસ્થા રૂા. ૧૫૦/- વ્યક્તિ દીઠ લઈને રાખવામા આવેલ છે. જેઓ એ આ વ્યવસ્થાનો લાભ લેવો હોય તેઓ એ નીચે આપેલ સ્થળ પરથી કાર્યક્રમની ટીકીટ તથા જમવાના પાસ લેવાના રહેશે. કાર્યક્રમની ટીકીટ તથા જમવાના પાસનું વેચાણ તા. ૧૮-૧૧-૧૨ રવિવારે સવારના ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

**(૧) શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકતાવાળા) સભાગૃહ (પ્રગતી સમાજ)**
૪૦/૪૨ બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

**(૨) બ્રાન્દ્રાથી ગોરેગાવ : હિમાશુંભાઈ હરીશચંદ્ર દેસાઈ (દેડકી) ૯૮૨૧૦૨૦૮૮૧**
૯/૧૨, ઘાસવાલા બિલ્ડીંગ, રૂમ નં. ૫, પોલીસ સ્ટેશન ની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈસ્ટ)

**(૩) મલાડ થી કાંદિવલી : કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) - ૯૮૨૧૧૬૪૭૩૧ (નિમિષ ગાંધી)**
એ-૨૪, કૈલાશ નગર, શંકરગલી, કાંદિવલી (વેસ્ટ), મું- ૬૭.

**(૪) બોરીવલી થી વીરાર : નીલેશભાઈ નવનીતલાલ શાહ - ૮૦૮૨૪૩૨૩૦૧**
સી/૨૪, સરદાર સ્મૃતિ, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)

**નોંધ : જમવાના પાસ તા. ૧૮-૧૧-૧૨ થી ૨૨-૧૧-૧૨ સુધી જ મળશે. તા. ૧૮-૧૧-૧૨** પછી પાસ **સૈમીલભાઈ જીતેન્દ્રભાઈ મોદી :** શૈલેશ ટુલ્સ એન્ડ હાડવેર માર્ટ, ૧૬ નારાયણ ધ્રુવ સ્ટીટ, ૨જે માળે મુંબઈ - ૩ (૯૯૨૦૨૧૩૪૨૬) તથા **દિક્ષીતભાઈ કીર્તનલાલ પરીખ** : ૧૩, મહેતા વોરા બિલ્ડીંગ, ૨૮ બાબુગેનુ રોડ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦ ૦૦૨ (૯૮૧૯૫૮૫૮૧૮) પરથી મળશે

**મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક : દીક્ષીત પરીખ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબનું દાન પ્રાપ્ત થયું છે.

૧. શ્રીમતી શર્મિષ્ઠાબહેન શાહ અને શ્રી ચંદ્રકાંત શાહ "Higher Education Scheme for Std. XI & XII યોજના માટે શ્રી રશેષ ચંદ્રકાંત શાહ તરફથી રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. અગિયાર લાખ) પુરા.

૨. શ્રીમતી સુમનબહેન સુર્યકાન્ત શાહ (ચકવા) હસ્તે : પાયલ જીજ્ઞેશ શાહ તરફથી રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂા. પચાસ હજાર) પુરા.

મંડળ દાતાશ્રીઓ નો હાર્દિક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ : શરદ નટવરલાલ દેસાઈ**

**મંજુલ શૈલેષ ધારીઆ.**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**તા. ૧૩-૯-૧૨**

**૧૬મી વાર્ષિક સામાન્ય સભા**

સમાજનાં સભ્યો,

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા નીચે સુચવેલ સ્થળ, ટાઈમ, વાર અને તારીખ મુજબ મળશે.

**૧) સ્થળ :** જાયન્ટસ ઈન્ટરનેશનલ હોલ, ઓરીએન્ટ કલબ બિલ્ડીંગ, ૨જે માળે, ૯, ચોપાટી સી ફેસ, મુંબઈ - ૭

**૨) તારીખ : ૨૮-૯-૧૨**

**૩) વાર : શુક્રવાર**

**૪) ટાઈમ : સાંજે ૬.૪૫ કલાકે**

**લી. શ્રી બીપિન કીરતનલાલ દોશી (મંત્રી) ના**

**જય જય શ્રી ગોકુલેશ**

**તા.ક. :** કોરમના અભાવે મુલતવી રહેલી સભા તે જ દિવસે અને તેજ સ્થળે અડધા કલાક પછી ઉપરોક્ત કાર્યવાહી માટે મળશે.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ગિરિ પૂજા ' કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

# જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરિઆતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો સાથે વાલીની સહી લઈ ઓફિસમાં તા. ૨૦.૧૦.૨૦૧૨ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસે. ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૮ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. અને શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફિસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી (સોમ થી શનિ)

**મંત્રી - ભાવેશ મોદી (ઠાસરાવાળા)**

**સંયોજક - કીર્તી હી. કડકીઆ (લટકારી)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ 'ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૨'

આપ સૌને જણાવતા આનંદ થાય છે. ચાલો બાલાસિનોર પ્રવાસને સારો એવો પ્રતિસાદ મળ્યો એ માટે આપ સૌનો આભાર.

જેમણે ચાલો બાલાસિનોર માં નામ નોંધાવ્યા છે. તેમને વ્યક્તિ દીઠ એક આકર્ષક ગીફટ (જે આપણને સ્વ. કુસુમબેન કીરતનલાલ પારેખ હસ્તે તેમના પુત્ર શ્રી નીલેશ કીરતનલાલ પારેખ તરફથી મળવાની છે.) પીકચરના શોના પાસ (કક્ત પેકેજમાં આવનારા માટે) જે આપણને શ્રી રશ્મીકાંત ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) હસ્તે તેમના પુત્ર શ્રી યતીનકુમાર રશ્મીકાંત ધારીઆ તરફથી મળવાના છે. અને તા. ૧૪-૧૧-૧૨ના પ્રોગ્રામની આઈસક્રીમની કુપન તથા રેલ્વે ટીકીટની ઝેરોક્ષ કોપી અને જમવાના પાસ નીચે જણાવેલ એડ્રેસ પરથી મળશે.

જે લોકો ડાયરેક્ટ બાલાસિનોર આવતા હોય તેમના માટે પણ જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે. સવારના ચા-નાસ્તો, બપોરે અને રાત્રે જમવાની અને પ્રોગ્રામ સાથે આખા પેકેજનો **તા. ૧૧-૧૧-૧૨ થી તા. ૧૫-૧૧-૧૨ના પાંચ દીવસનો ચાર્જ રૂા. ૧૦૦૦/- વ્યક્તિ દીઠ અને રૂા. ૨૦૦/- રોજનો ચાર્જ વ્યક્તિ દીઠ રાખવામાં આવ્યો છે.**

**પાસ તા. ૨૨-૧૦-૧૨ થી ૩-૧૧-૧૨સુધી મળશે. (સમય બપોરના ૧૨ થી ૫ કલાક સુધી)**

**સ્થળ :** સૌમીલ મોદી, શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ. ૧૬, નારાયણ ધ્રુવ સ્ટીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩, મો. નંબર : ૯૮૬૯૩૧૯૦૭૮, ઓફીસ : ૨૩૪૨૬૩૧૬.

## ચાલો બાલાસિનોરમાં આયોજીત વિવિધ રંગા રંગ કાર્યક્રમની રૂપરેખા :

- **તા. ૧૧-૧૧-૧૨ મ્યુઝીકલ ગેમ શો.**
  રાત્રે ૯.૩૦ કલાકે (સ્થળ : લાયન્સ કલ્બ હોલ.)
- **તા. ૧૨-૧૧-૧૨ પીકચરનો શો** બપોરના ૨ થી ૫
  (સ્થળ : શક્તી સીનેમા, વીરપુર રોડ)
- **તા. ૧૩-૧૧-૧૨ Minute to win it ગેમ શો**
  સવારના ૧૦.૩૦ કલાકે
  (સ્થળ : લાયન્સ કલ્બ હોલ)
- **તા. ૧૪-૧૧-૧૨ ગરબા, ડાંડીયા રાસ**
  ડી. જે. પાર્ટી ઓકેસ્ટ્રા સાથે
  (રાત્રે ૯.૦૦ કલાકે સ્થળ : સીધ્ધનાથ પાર્ટી પ્લોટ)

### ચાલો બાલાસિનોર મ્યુઝીકલ ગેમ શો

જત જણાવવાનું કે ચાલો બાલાસિનોર પ્રોગ્રામ દરમ્યાન તા. ૧૧-૧૧-૧૨ રવિવારના દિવસે રાત્રે સમય ૯.૩૦ કલાકે 'બાલાસિનોર લાયન્સ કલબ' મુકામે 'રોમાંચક મ્યુઝીકલ ગેમ શો' નું આયોજન કરવામાં આવેલ છે.

આ ગેમ્સ માટે વહેલા તે પહેલા ના ધોરણે ફક્ત ૩૦ મેરીડ કપલ (ઉંમર ૫૫ વર્ષ સુધી) નામ લેવાના છે. રૂા. ૧૦૦ ટોકન કપલ દીઠ ભરવાના રહેશે. જે રીફન્ડેબલ છે. જોવા આવનાર પ્રેક્ષકોને પણ ઈનામ જીતવાની તક રહેશે.

**ચાલો બાલાસિનોર Minute to win it' ગેમ શો**

જત જણાવવાનું કે ચાલો બાલાસિનોર પ્રોગ્રામ દરમ્યાન તા. ૧૩-૧૧-૧૨ મંગળવારના દિવસે સવારના ૧૦.૩૦ કલાકે 'બાલાસિનોર લાયન્સ કલબ મુકામે રોમાંચક "Minute to win it" ગેમ શો નું આયોજન કરવામાં આવેલ છે.

આ ગેમ શો ફક્ત ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે

રાખેલ છે. વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૩૨ બાળકોના નામ લેવાના છે. જેની વીગતવાર માહીતી નીચે મુજબ છે.

- ૭ થી ૧૦ વર્ષ સુધીના બાળકો - ફક્ત ૧૬
- ૧૧ થી ૧૪ વર્ષ સુધીના બાળકો - ફક્ત ૧૬

દરેક બાળક દીઠ રૂા. ૧૦૦/- ટોકન તરીકે લેવામાં આવશે જે રીફન્ડેબલ છે.

તો તમારા નામ સૌમીલ જીતેન્દ્ર મોદી ને તા. ૨૨-૧૦-૧૨ થી ૩-૧૧-૧૨ સુધી લખાવવા વિનંતી. સમય : બપોરના ૧૨ થી ૫ કલાક સુધી.

**નામ નોંધવાનું સ્થળ :** શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ, ૧૬, નારાયણ ધ્રુવ ટ્રીટ, બીજે માળે, મુંબઈ - ૩

**ફોન : ૨૩૪૨૬૩૧૬, મો. ૯૮૬૯૩૧૯૦૭૮**

જત જણાવવાનું કે ગીલ્લીડંડા, ખો-ખો, નારગોળીયો (લગોરી) જેવી વિવિધ ગેમ્સનું પણ આયોજન રાખેલ છે. સમયની અનુકુળતા પ્રમાણે રમાડવામાં આવશે.

**- સંયોજક : શ્રી જીગર મણીકાંત કડકીઆ**
**મંત્રી : શ્રી ભાવેશ મોદી.**

## અભિનંદન

આ વર્ષની હિંદુ જીમખાનાની કારોબારીમાં બાલાસિનોરના ૪ સભ્યો ચૂંટાયેલા છે. **(૧) શ્રી યોગેશ આર. ધારીઆ (૨) શ્રી ચંદ્રવદન કે. દેસાઈ (૩) શ્રી કિરીટ આર. ધારીઆ (૪) શ્રી ચીરાગ જે. દેસાઈ.** તેઓને સંસ્થાવતી તથા સૌ બાલાસિનોરવાસીઓ તરફથી અભિનંદન

## બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળ લીમીટેડ

જત જણાવવાનું કે હવે પછી કોઈ પણ માલ સામાન ની ડીલીવરી ઘરે કરવા માટે ગ્રાહકે નજીવો ડીલીવરી ચાર્જ ભરવાનો રહેશે.

**- મંત્રી - જગદીશ શાંતીલાલ પરીખ**
**શિરિષ જગમોહનદાસ પરીખ**

# શ્રી દશાનીમા વણીક વાડી

દશાનીમા વણિકવાડીના નવીનીકરણ માટે ત્રણ વ્યક્તિઓની કમિટિની નિમણુંક કરેલ છે. જેમાં (૧) શ્રી પ્રિયકાંત કીર્તનલાલ દેસાઈ (કન્વીનર) (૨) વિનયકાન્ત ભીખાલાલ મોદી (૩) શ્રી રાજુભાઈ મુળજીભાઈ ધારીઆ. તેઓએ વાડીનો નીચનો વિભાગ ખુલ્લો કરી કોટા સ્ટોન બેસાડી, દીવાલો ઉપર લાદી લગાડીને વાડીને એક લેવલ કરી નવું લાઈટફીટીંગ કરેલ છે જેમાં લાઈટફીટીંગ ના વાયરો પ્રભાત કેબલ્સ પ્રાઈવેટ લીમીટેડ (મનોજભાઈ કચેરીઆ અમરીષભાઈ કરેચીઆ) એ વીના મુલ્યે વાડીને આપેલ છે. તેઓનો અમે આભાર માનીએ છીએ. કન્વીનર તરીકે શ્રી પ્રિયકાન્ત કીર્તનલાલ દેસાઈ એ સતત રાત દિવસ મહેનત કરી વાડીનું કાર્ય પૂર્ણ કરાવી આપેલ છે. અને આ અંગે સંપૂર્ણ માર્ગદર્શન શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆના દેખરેખ નીચે કરવામાં આવ્યું છે. લાઈટ ફીટીંગનો બધો સામાન મુંબઈ ખાતે એકત્રીત કરી ને વતન સુધી પહોંચાડવાનું કાર્ય શ્રી સુનીલભાઈ નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા) એ સુંદર રીતે કર્યુ છે.

સદર દશાનીમા વણિક વાડી હવે 'ચાલો બાલાસિનોર' દિવાળી ઉત્સવ અને અન્ય ઉત્સવો સારી રીતે ઉજવાય અને વધુ માણસો લાભ લે એવી અપેક્ષા બાલાસિનોર દશાનીમા વણીકવાડીના ટ્રસ્ટીઓ આશા રાખે છે.

દશાનીમા વાડીને સમારકામ તથા રંગકામ નો ખર્ચ રૂા. ૮ થી ૧૦ લાખ થવા જાય છે. તો આ સંસ્થામાં જે ખર્ચ થયેલ છે. તેમાં મદદરૂપ થવા માટે દશાનીમા વણીકભાઈઓને સહકાર આપવા વિનંતી છે.

**- લી. દશાનીમા વણીક વાડીના ટ્રસ્ટીઓ**

# સુદર્શન તળાવનો પોકાર

હુ અને મારી બહેનપણી મીના રોજ સાંજના બાલાસિનોરમાં સુદર્શન તળાવ પર ફરવા જઈએ. એક દિવસ સાંજના અમો ચાલતાં હતાં ત્યાં મને 'બચાવો, બચાવો, કોઈક તો મને બચાવો' એવો અવાજ સંભળાયો. ચારેબાજુ જોયું તો કોઈ દેખાયું નહીં. ધ્યાનથી જોયું તો અવાજ તળાવમાંથી જ આવતો હતો, જાણે સુદર્શન તળાવ જ અમને બોલાવી રહ્યું હતું. એના અવાજમાં વેદના હતી. એણે અમને પૂછ્યું બે'નો, તમારી પાસે મારા માટે થોડો સમય છે ? મારે તમને કશું કહેવું છે ! મારી આજની હાલત તો જુઓ. ક્યાં મારી પહેલાની જાહોજલાલી, પાણીથી ભરપૂર, મદમસ્ત. લોકો પાણી ભરવા આવતાં, કપડાં ધોતાં, સુખદુઃખની વાતો કરતા. એમને હરખાયેલા જોઈ હું પણ હરખાતો. વારતહેવારે મારા કિનારે લોકો ભેગા થતાં. કુંવારી કન્યાઓ ગૌરીવ્રત કરી સારા જીવનસાથીની પ્રાર્થના કરતી, પૂજાઓ થતી. રમજાનમાં તાજિયા ટાઢાં થતાં.

આજે હું સુકાઈ ગયું છું તો મારી સામે કોઈ જોતું પણ નથી. વરસાદ નથી પડયો એમાં મારો શું વાંક ? મારી ચારેબાજુ ગંદકી જ ગંદકી છે. લોકો મારો ઉપયોગ કચરો નાખવા કરી રહ્યા છે. આવતાં જતાં લોકો નાક દબાવીને પસાર થઈ જાય છે. મારાથી મોઢું ફેરવી લે છે. શું આ ગંદકી માટે હું જવાબદાર છું ? મારો તો કોઈ વિચાર સુદ્ધા નથી કરતાં. મારે તો આ ગંદકીમાં રાતદિવસ રહેવું પડે છે. ગામમાં પાણીના નળ આવી ગયા તો મને કોઈ પૂછતું પણ નથી.

મારી તમને, ગામના દાતાઓને, બાલાસિનોર વાસીઓને, નગરપાલિકાને વિનંતિ છે કે મને બચાવો. મારામાં જે કચરો પડયો છે એ સાફ કરાવો. જેથી લોકો મારા કિનારે ચહલ પહલ કરી શકે. મારા અસ્તિત્વને બચાવો, જેથી આવનાર પેઢીમાં મારી યાદ રહે, નહીં તો વાડસોલમાં સુદર્શન તળાવ નામશેષ રહી જશે.

સુદર્શન તળાવની વ્યથા સાંભળતાં સાંભળતાં અમારી આંખો ભીની થઈ ગઈ. ઘરે આવીને નિર્ણય કર્યો કે, સુદર્શન તળાવ માટે કોઈએ તો બોલવું જ રહ્યું અને આ લેખ સુદર્શન તળાવ તરફથી લખતાં ગર્વ અને આનંદ અનુભવી રહી છું.

**– ચંદ્રલેખા સુરેન્દ્ર દેસાઈ (વિલેપાર્લા)**

**Shree Balasinor Navyuvak Sangh**

## Shree Natverlal Chunilal Mody Jansathi Trophy

**Cricket Tournament Year - 2012-2013**

This year we have tried to get some innovation in the Jansathi Cricket tournament. We have planned allowing four Owners to give their names to the respective four teams at a nominal price of Rs. 21,000.00 each team for this year, All the 17 players of each team will be given a white t-shirt & cap with the names of Owner printed on it. The teams will be recognized as per their owners.

There are going to be cash prizes with respect to winning team players, Man of the Series, Best Batsman, Best Bowler, Best Fielder which will be decided on points given to every player in their respective matches.

Details of all the four teams, and schedules of matches will be printed in the October edition of Jyoti Punj.

Anyone interested in becoming the owner of any of the respective four teams can contact any of the present cricket committee members. Owners will be selected on first-cum-first basis.

**Bhavesh Mody (Secretary)**

**Chirag Parikh (Convenor) - 9821574856**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬
Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

# બાલાસિનોર વિદ્યામંડળ

બાલાસિનોર વિદ્યામંડળની ૪૫મી (પિસ્તાલીસમી) વાર્ષિક સામાન્ય સભા ગુરૂવાર, તા. ૨૪-૯-૧૨ના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે શ્રી જશવંતભાઈ કોદરલાલ પરીખના પ્રમુખ સ્થાને ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પ્રાથમિક શાળા (પી.વી.વિદ્યાલયની બાજુમાં), બાલાસિનોર ખાતે મળી હતી.

મુંબઈની કારોબારી સમિતિના ૧૦ સભ્યો વાર્ષિક સામાન્ય સભા તથા કોલેજની મુલાકાત માટે ગયા હતા. અમદાવાદથી માનદ્‌મંત્રી મુરબ્બી શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પારેખ (IRS) (Retired Chief Commissioner of Income Tax, Gujarat Region) અને આણંદથી મુરબ્બી શ્રી જયંતિભાઈ ગાંધી, મુંબઈથી શ્રી પ્રવિણભાઈ ધારીઆ (CA) એ હાજર રહી શોભા વધારી હતી.

સભાની કાર્યવાહી રાબેતા મુજબ એજન્ડા પ્રમાણે થઈ હતી, અને આચાર્ય ડૉ. દીનેશભાઈ માછીએ NACC ની પૂરજોશમાં ચાલતી તૈયારી અંગે સૌને માહિતી આપી હતી.

૧-૪-૧૨ થી ૩૧-૩-૧૭ (પાંચવર્ષ)ની પ્રમુખ અને ૨૧ કારોબારી સભ્યોની ચૂંટણીના પરિણામો ચૂંટણી અધિકારી શ્રી સતીશભાઈ પરીખ (એડવોકેટ) અને ડૉ. શિવુભાઈ પટેલ વતી ડૉ. શિવુભાઈએ જાહેર કર્યા હતા અને સભામાં હાજર રહેલ સભ્યોએ પાંચ માનદ્ સભ્યો અને બે કો ઓપ્ટ સભ્યોની વરણી કરી હતી.

સરકાર માન્ય Doeacc-ccc (Course of computer concept) ની માન્યતા (All India Council Technical Board, Delhi) થી પ્રાપ્ત થઈ ગઈ છે અને આગામી માસથી વિદ્યાર્થીઓને Department of Information Techinology ના નવા મકાનમાં કામ્પ્યુટર શિક્ષણ આપવામાં આવશે.

MES (Modulor Employce Scheme) & VAT (Vocational Training Provider) ના કોર્સની માન્યતા ટૂંક સમયમાં મળી જશે.

મંડળના કારોબારી સમિતિના સૌ સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતાઓ, શુભેચ્છકો, જ્યોતિપુંજ માસિક તેના તંત્રી શ્રી નિખિલભાઈ પરીખ, પ્રકાશક શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, સૌના સહકાર બદલ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી એ છે અને મંડળને ચૈતન્યવંતુ બનાવવામાં સીધી / આડકતરી, પરોક્ષ, અપરોક્ષ રીતે સંયોજીત

અસંયોજીત રહીને યોગદાન દેનારા સહુનો આભાર વ્યક્ત કરે છે.

## અનુકરણીય ઉમદા દાન

સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોમાંથી એક અતિ ઉમદા મુરબ્બી તરફથી નામ ન આપવાની શરતે મંડળના નવા Department of Information & Technology માટે પાંચ અદ્યતન કોમ્પ્યુટરો આપવાની ઈચ્છા વ્યક્તિ કરી હતી અને સૌ સભ્યો ભાવવિભોર થઈ ગયા હતા.

'દાતા ભવતિ વા ન વા'

સૌ માણસોમાં એકાદ જ શૂરવીર મળે, હજારોમાં એકાદ જ વિદ્વાન હોય, દસ હજારે એક સારો વક્તા હોય જ્યારે દાનવીર તો હોય કે ન હોય.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

**કાર્યવાહક સમિતિ ૨૦૧૨-૨૦૧૭ (પાંચ વર્ષ)**

**પ્રમુખ** : શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખ

**ઉપપ્રમુખ** : પ્રા. શ્રી ચંન્દ્રકાન્ત ચીમનલાલ પરીખ
શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ

**માનદ્ મંત્રીઓ** : શ્રી ઉશનસ નવીનચંદ્ર કચેરીઆ, શ્રી રજનીકાન્ત ઓચ્છવલાલ શાહ, શ્રીમતી તન્વીબેન ગૌરાંગ પરીખ (વોરા), ડૉ. નગીનદાસ અચરતલાલ શાહ

**ખજાનચી** : મનુભાઈ ચીમનલાલ શાહ (ચાવાળા)

**સભ્યો** : શ્રી વસંતકુમાર કાન્તિલાલ મોદી (વિમાવાળા), શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ, શ્રી કિરીટકુમાર રમણલાલ કડકીઆ (મલમ), શ્રી કૌશિકભાઈ કાંતિલાલ કડકીઆ, શ્રી પ્રકાશચંદ્ર ઓચ્છવલાલ કચેરીઆ (વરખા), શ્રી ધીરૂભાઈ રમણલાલ શેઠ (અત્તરવાળા), શ્રી ઉર્વિશભાઈ રસિકલાલ મોદી (દેવ), શ્રી શિરીષકુમાર ઈન્દ્રવદન ત્રિવેદી, શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ, શ્રી પ્રવિણભાઈ સેવક, શ્રીમતી દિપિકાબેન પંકજકુમાર ધારીયા (લાલખાં), શ્રી જગદીશચંદ્ર મણીલાલ શાહ (એડવોકેટ), શ્રી નીતીનભાઈ પ્રવિણચંદ્ર ગાંધી, શ્રી કાંતિલાલ વીરચંદભાઈ શાહ, ડૉ. દીનેશભાઈ પી. માછી (આચાર્ય)

**માનદ્ સભ્યો** : શ્રી બીપીનકુમાર કિર્તનલાલ દોશી, શ્રી ચંપકલાલ સોમાલાલ દેસાઈ, શ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઈ ધારિયા (C.A.), શ્રી રાજેશભાઈ શાંતિલાલ કડકીઆ (C.A.), શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પારેખ (IRS)

**કો. ઓપ્ટેડ સભ્યો** : શ્રીમતી સોહિનીબેન યોગેશકુમાર કડકીઆ, શ્રી પ્રદીપભાઈ અરવિંદભાઈ ત્રીવેદી (એડવોકેટ)

# બાલાસિનોર કે. એમ. જી. જનરલ હોસ્પિટલ

**ઉપરોક્ત હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલા.**

**(૧) શ્રીમતી ભારતીબેન અશોક કાંતિલાલ પરીખ (તાતીયા) શ્વાસના રોગોનો નિદાન કેમ્પઃ-** તા. ૨૬-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૨૦ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓના એક્ષરે તથા લેબોરેટરી ફ્રી કરવામાં આવેલ.

**(૨) શ્રીમતી સ્મીતા અરવિંદ પરીખ (દુધવાળા) અને શ્રીમતી મીનાક્ષી રાજેન્દ્રભાઈ દેસાઈ (લાટવાળા) ન્યુરો સર્જરી નિદાન કેમ્પ** : તા. ૨૯-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ ૩૧ દર્દીઓ નોંધાયેલા. જે પૈકી જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામા આવેલ. તમામ દર્દીઓની લેબોરેટરી તથા એક્ષરે ફ્રી કરવામાં આવેલ.

**(૩) કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી નિદાન કેમ્પઃ** તા. ૨૯-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૪ દર્દીઓ નોધાયેલા. આ કેમ્પમાં અમદાવાદનાં ખ્યાતનામ ડૉ. એમ. ટી. શાહની સેવાઓ મળેલ. આ કેમ્પમાં બધા દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**(૪) તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ કીડનીના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૨૯-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૬ દર્દીઓ નોંધાયેલા. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાત નેફ્રોલોજીસ્ટ ડૉ. અસીત મહેતાની સેવાઓ મળેલ. તમામ દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**(૫) લીલાવતી કીરીટકુમાર (ફાડીયા) હેલ્થચેકઅપ વિભાગ** : બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧-૯-૧૨ થી હેલ્થચેકઅપના નીચે પ્રમાણેના ટેસ્ટ રૂા. ૩૦૦ (ત્રણસો)માં કરવામાંઆવશે.

**પેથોલોજી ટેસ્ટઃ** (1) CBC (2) ESR (3) BLOOD GROUP (4) URINE-R-M (5) FBS (6) PPBS (7) S.CREATINE (8) BL.UREA (9) S.BILIRUBIN (10) SGPT (11) URIC ACID (12) CHOLESTEROL (13) TRIGLYCERIDES (14) TSH

**રેડીયોલોજીસ્ટ ટેસ્ટઃ** (૧) છાતીનો એક્સ-રે (૨) પેટની સોનોગ્રાફી

**ઈલેકટ્રોનીક કાર્ડીઓગ્રામ (ECG)**

**ફીજીશીયન તથા સર્જન દ્વારા કન્સલટન્સી તથા સ્ત્રીઓ માટે ગાયનોકોલોજીસ્ટ દ્વારા કન્સલટન્સી**

## વાર્ષિક સામાન્ય સભા :

શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ તથા શ્રી બાલાસિનોર સેવા સમાજ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૯-૧૨ના રોજ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, શ્રીમતી સુભદ્રાબેન નવિનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) સભા ગૃહમાં ૪૫-૪૯, બાબુગેનું રોડ, કાલબાદેવી, મુંબઈ - ૨ ખાતે સાંજે ૬.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો આજીવન સભ્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓને હાજર રહેવા અમારૂ ભાવભર્યુ નીમંત્રણ છે.

**મંત્રીશ્રીઓઃ રાજેન્દ્ર દેસાઈ, નિતિન પરીખ**

## શ્રી ગોકુલેશો જયંતિ અપીલ

તા. ૨૩-૭-૧૨

આપણા શ્રી ગોકુલનાથજી મંદિર તથા ફગવા બગીચા મંદિરના જીર્ણોધ્ધાર માટે જીર્ણોધ્ધાર ફંડ યોજના શરૂ કરવાનું આપણી કમિટિ મિટિંગમાં નક્કી કરવામાં આવ્યું છે. તો આપણા સૌ કંઠીધારી વૈષ્ણવોને વિનંતી સાથે અપીલ કરવાની કે આપ સૌ આ ઠાકોરજીના કામમાં હૃદયથી સહકાર આપો જેથી તાત્કાલીક ફગવા બગીચા મંદિર ખાતે મંદિરના બે પ્લોટની બાઉન્ડ્રી વોલ બનાવી દરવાજા બેસાડી શકાય તથા એ બન્ને પ્લોટમાંથી મંદિરમાં આવક થાય આપ સૌને આપની સેવા લખાવવા વિનંતી છે.

નીચે મુજબના વૈષ્ણવો તરફથી **રૂા. ૫૦૦૦/-** ની સેવા રકમ મળેલ છે.

શ્રી રસીકલાલ સાંકરલાલ (દેવ), શ્રીમતી હેમાબેન હ. : શિલ્પાબેન મોદી, તારાબેન શાંતીલાલ કડકીઆ, દિનેશભાઈ ચીમનલાલ શાહ (રાઠોડીઆ), નવનીનભાઈ જેઠાભાઈ શાહ (વડોદરાવાળા), પ્રકાશભાઈ મંગલદાસ ધારીઆ (માટલી)

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭-૯-૧૨ના ગુરૂવારે સાંજે ૬.૪૫ કલાકે સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) મિટિંગ રૂમ પ્રગતિ સમાજ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ ખાતે રાખવામાં આવી છે.

આ અંગેનું પરિપત્ર તથા ઓડીટેડ હિસાબો અલગથી કુરીયરમાં મોકલવામાં આવશે.

**- માનદ્ મંત્રીઓ**

**શ્રી જતીન ન. દેસાઈ, શ્રી નીતીન ન. દેસાઈ**

## શ્રી ગોકુલનાથજી મંદિર તથા ફગવા બગીચા મંદિર જીર્ણોધ્ધાર ફંડ

(૧) શ્રી નવીનચંદ્ર ચી. શાહ મેનપુરવાળા ૨૧,૦૦૦/-
(૨) શ્રી બાબુલાલ (લટકારી) હ. દક્ષેશ ૨૧,૦૦૦/-
(૩) શ્રી સ્વ. મહેન્દ્રભાઈ ઓચ્છવલાલ ધારીઆ (મુછારી) ૫,૦૦૦/-
(૪) શ્રીમતી લીલાવતીબેન કીરીટભાઈ ભીખાલાલ કડકીઆ ૫,૦૦૦/-
(૫) ભારતીબેન સુરેશભાઈ ધારીઆ બાલાસિનોર ૨,૫૦૦/-
(૬) રીટાબેન કૌશીકભાઈ શાહ (ચોક્સી) બાલાસિનોર ૨,૫૦૦/-
(૭) કડકીઆ રમણલાલ ચંદુલાલ (ખીસાદાર) ૨,૫૦૦/-
(૮) ઈન્દીરાબેન નવીનચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) ૨,૫૦૦/-
(૯) પ્રેમીલાબેન રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) ૨,૫૦૦/-
(૧૦) શાહ મંજુલાબેન દિનકરલાલ ૨,૫૦૦/-
(૧૧) શાહ જશવંતભાઈ દામોદરદાસ (ધનસુરાવાલા) ૨,૫૦૦/-
(૧૨) મોદી નવીનભાઈ ૨,૫૦૦/-
(૧૩) ક્રીશ્ના મશીનરી સ્ટોર્સ (શાહભાઈ) ૨,૫૦૦/-
(૧૪) જે.ઓ.શાહ જ્યોતિષભાઈ ઓચ્છવલાલ ૨,૫૦૦/-
(૧૫) નવીનભાઈ કોદરલાલ શાહ ૨,૫૦૦/-
(૧૬) દીલીપભાઈ તથા રમેશભાઈ રમણલાલ શેઠ ૨,૫૦૦/-
(૧૭) અશ્વીનકુમાર ચંદુલાલ શાહ ૨,૫૦૦/-
(૧૮) કીરીટ ચંદુલાલ શાહ ૨,૫૦૦/-
(૧૯) અંજુબેન સોમાલાલ કડકીઆ ૨,૫૦૦/-
(૨૦) હેમલભાઈ એમ. પરીખ ૨,૫૦૦/-
(૨૧) રશ્મીબેન બાબુલાલ શાહ ૨,૫૦૦/-
(૨૨) રાજીવ ગોકલદાસ શાહ ૨,૫૦૦/-

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાસા-બાલાસિનોર

**દાન માટે અપીલ**

બાલાસિનોર તાલુકાના આદીવાસી વિસ્તારમાં આવેલ વેરાસા પ્રાથમિક શાળામાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ગરાશીયાના મુવાડાની પ્રાથમિક શાળામાં ૬૫ જેટલાં વિદ્યાર્થીઓ છે. આ બન્ને પ્રાથમિક શાળાઓ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાસા - બાલાસિનોરે દતક લઈ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓ કરે છે. આ બન્ને શાળાઓના વિદ્યાર્થીઓને નોટબુકો, ચોપડા, કમ્પાસ, ગણવેશ (યુનીફોમ), દફતર (સ્કુલબેગ) જેવી શૈક્ષણિક સહાય અને શાળામાં ભોજન મળી રહે તે માટે ઉદાર દિલ દાતાઓને વિનમ્ર અપીલ કરવામાં આવે છે.

(૧) વર્ષ દરમ્યાન એક વિદ્યાર્થી માટે એક વખત દફતર, બે જોડી વગણવેશ, નોટબુકો, ચોપડા, કંમ્પાસ, દેશી હિસાબ તથા ચમ્પલ જોડ-૧ વિગેરે શૈક્ષણિક સાધનોનો કુલ ખર્ચ રૂા. ૨૦૦૦/- જેટલો થાય છે. કોઈપણ દાતા એક વિદ્યાર્થી માટે કે એકથી વધુ વિદ્યાર્થીઓ માટે રૂા. ૨૦૦૦/- અને તેના ગુણાંકમાં મદદ કરી શકે છે.

(૨) વેરાસા અને ગરાશીયાના મુવાડાની પ્રાથમિક શાળામાં તિથી ભોજન પણ આવકાર્ય છે. આપના પુત્ર કે પુત્રી, સ્વજન, સગા, સબંધી, મિત્રોના જન્મદિન પ્રસંગે આપની સંસ્થા કે પેઢીના સ્થાપના દિન પ્રસંગે, સામાજીક કે ધાર્મિક પ્રસંગે વડીલો, સગાસંબંધીઓની પુણ્યતિથીઓ આ બન્ને શાળાના ૩૨૦ જેટલા વિદ્યાર્થીઓને માટે એક વખતના ભોજન માટે માત્ર રૂા. ૫,૦૦૦/-ની રકમ આપી ગરીબ વિદ્યાર્થીઓની ભુખ તૃપ્ત કરવાની પુણ્ય તક મેળવી શકો છો. દાતા કહે તે તારીખ કે તિથીએ બાળકોને મિષ્ઠાન સાથેનું ભોજન આપવામાં આવશે.

(૩) વેરાસા અને ગરાશીયાના મુવાડાની શાળાઓમાં અભ્યાસ કર્યા બાદ ધોરણ ૮ થી ૧૨માં હાઈસ્કુલમાં વધુ અભ્યાસ કરતાં તેમજ ધોરણ ૧૨ પછી કોલેજમાં અને અન્ય સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શાળા, કોલેજની ફીની સહાય ટ્રસ્ટ તરફથી આપવામાં આવે છે. હાલમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓની સંખ્યા છે, જે દિન, પ્રતિદીન વધતી જાય છે. આવા વિદ્યાર્થીઓને ફીની સહાય માટે રૂા. ૧૦૦૦/- એક વિદ્યાર્થી દીઠ શાળા, કોલેજની ફી માટે સ્વીકારવામાં આવશે. રૂા ૧૦૦૦/- અને તેના ગુણાંકમાં પણ દાનની રકમ સ્વિકારવામાં આવશે. ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વિદ્યા દાન કરાવની ઉતમ તક છે.

**મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાસાને ઈન્કમ ટેક્ષ માફી સેક્શન ૮૦-G હેઠળ મળેલ છે, જેનો લાભ લેવા વિનંતી છે**

દાનની રકમ આપવા માટે નીચેના સરનામે સંપર્ક કરવા નમ્ર અપીલ છે.

(૧) શ્રીમતી તરુલતાબહેન પ્રફુલ્લભાઈ શેઠ - પ્રમુખ (મુંબઈ) - ૯૮૨૧૦૩૭૩૦૦
(૨) શ્રીમતી અનુબહેન જે. શેઠ (ટ્રસ્ટી) મુંબઈ - ૯૮૨૧૨૩૪૩૧૩
(૩) શ્રી નવીતલાલ મણીલાલ શાહ (જાટ) બાલાસિનોર - ૦૨૬૯૦-૨૬૬૭૯૮
(૪) શ્રી પ્રવીણચંદ્ર જીવરામ સેવક (ઉપપ્રમુખ) બાલાસીનોર - ૦૯૪૨૭૦૮૩૧૯૯

## બાલાસિનોરનું ગૌરવ

**યતીત કીર્તનલાલ દેસાઈ (પડાલવાળા)**

**ચાર્ટડ એકાઉન્ટન્ટ**

સને ૨૦૧૨-૨૦૧૩ના વરસ માટે ભાઈ શ્રી યતીનની ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્સની સંસ્થામાં ઉપપ્રમુખ તરીકે વરણી થઈ છે. તે બદલ અમારા સહુના અભિનંદન.

આ સંસ્થામાં ૩૦૦૦ થી વધારે ટેક્ષ વ્યવસાયિકો સભ્ય છે. આ એક વધુ યશકલગી તેઓ માટે છે.

યતીનભાઈએ સી.એની પરીક્ષા ૧૯૮૮માં પાસ કરી છે. સાથે સાથે કંપની સેક્રેટરી તથા લૉની ડીગ્રી પણ મેળવી છે. બીઝનેસ કનસલટન્સી તથા ઈન્ટરનલ ઓડીટનો પણ અભ્યાસ કરી તે વિષયોમાં માસ્ટરી મેળવી છે.

તેઓ B.Y.ASSOCIATES CAS ની કંપનીમાં વરિષ્ટ ભાગીદાર છે. આ ભાગીદારી કંપની રાષ્ટ્રીય આંતર રાષ્ટ્ર ટેક્ષ તથા ઓડીટનું કામ, ફાઈનાસીયલ કનસલટન્સી કામ કરે છે. જેમાં યતીનભાઈનો મહત્વનો ફાળો છે. તેઓ ઓલ ઈન્ડીયા ફેડરેસન ઓફ ટેક્ષ પ્રેકટીશનર્સ સંસ્થામાં મેનેજીંગ કમિટિ સભ્ય છે. તથા બોમ્બે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સોસાયટીમાં કોર ગ્રુપના સક્રીય કાર્યકર્તા છે. ટેક્ષ અંગેના મેગેઝીન વિ.માં વ્યવસાયિક લખાણો આપે છે.

યતીનભાઈ ૨૦૧૩-૧૪મા વરસ માટે ચેમ્બર ઓફ ટેક્ષ કનસલટન્સ સંસ્થાના પ્રમુખ બને તેવી અમારી શુભકામના.

## બાલમુકુન્દ ત્રિવેદીને અભિનંદન

બાલાસિનોર ના તળાવને ઉંડુ કરાવવા બાબતે છેલ્લા બે થી ત્રણ વર્ષ મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા શહેર વિકાસ ખાતા પ્રધાન શ્રી નીતીનભાઈ સાથે સતત પત્ર વહેવાર અને RTI દ્વારા સખત પ્રયત્નો કર્યા પછી અંદાજે ૨૪ લાખ રૂપિયા તલાવ ખોદકામ માટે પાસ કરવામાં આવેલ છે.

બાલાસિનોરના વતનીઓ તથા મુંબઈમાં બાલાસિનોરની આવેલ સંસ્થાઓ બાલમુકુંદભાઈ ત્રિવેદી (જેમની ઉંમર ૮૦ વર્ષ છે છતા આવી મહેનત કરે છે) ના આભારી છે. આવીજ રીતે તેઓ મુંબઈના પેસેન્જર એસોશીએશનના મેમ્બર છે અને તેમની મહેનતથી કાંદિવલી રેલ્વેની થ્રુ ટીકીટ બારીઓ ચાલુ કરાવી શકયા છે.

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામાં

**૧. કપીલાબેન પંકજકુમાર કચેરીયા**
૨૦૧/A અભિનંદન, P.T.College બસ સ્ટેન્ડની સામે, ગણપતિ મંદિરની બાજુમાં, નારાયણનગર રોડ, પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭ - મો. : ૯૬૮૭૫૧૯૫૬૦

**2. Naresh P. Dharia**
A-403, Veena Sarang, Saibaba Nagar, Opp. Kamla Vihar sport Club, Borivali (W), Mumbai - 400092 - M : 9821037216, Resi : 28662822, Office : 66346819

**3. Amrish Kacharia / Meena Kacharia**
4 A, 4th Floor, Crystal Aparment 36, Altamount Road, Mumbai - 400026, M : **Amrish Kacharia :** 09769025153, **Meena Kacharia :** 09870106410

### શુભ લગ્ન

હૈદ્રાબાદની **કુ. આશિતા** જગદીશ મોદીના શુભ લગ્ન ઈંદોરના ઉમેશભાઈ લાડના સુપુત્ર **કુ. સૌરભ** લાડ સાથે સંપન્ન થયા છે.

### તેજસ્વી તારલા

**નેવીલ પ્રફુલકુમાર મોદી** BE(I.T.tech) ની ફાઈનલ પરીક્ષામાં ડીસ્ટીંકશન સાથે ઉત્તીણ થયેલ છે. સંસ્થા તરફથી તેઓને અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | **ઉંમર** |
|---|---|
| .પ્રવીણચંદ્ર લલ્લુભાઈ કચેરીયા | ૮૩ |
| સુભાષ છબીલદાસ શેઠ | ૬૬ |
| રાજેન્દ્ર ચીમનલાલ મોદી (પેપરવાળા) | ૬૪ |
| સાવિત્રીબેન નટવરલાલ પરીખ (રોકડિયા) | ૮૮ |
| નિરૂપમાબેન મહેન્દ્રભાઈ શાહ | ૬૧ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**